# ટાટા
## ઈક્વિટી ઓપોરચ્યુનિટીઝ ફંડ
(An Open-ended Equity Scheme)

TATA
MUTUAL FUND
Expertise that's trusted



# એક એવું ફંડ જે બજારમાં તકો પર નજર રાખે છે.

આ યોજના નિમ્નલિખિત ચાહતા રોકાણકારો માટે અનુરૂપ છે*:

- લાંબા ગાળાની મૂડી વૃદ્ધિ.
- સર્વ મુખ્ય બજાર મૂડીકરણમાં ઉત્તમ સંશોધિત મૂલ્ય અને વૃદ્ધિ અભિમુખ કંપનીઓનાં ઈક્વિટી અને ઈક્વિટી સંબંધી સાધનોમાં રોકાણ.
- યોજના **ઉચ્ચ જોખમ ■ (કથ્થઈ)** તરીકે વર્ગીકૃત કરવામાં આવી છે. રોકાણકારોએ સમજી લેવું જોઈએ કે તેમની મૂળ રકમ ઉચ્ચ જોખમે છે.

**#રોકાણકારોએ તેમને માટે યોજના અનુરૂપ છે કે નહીં તે વિશે શંકા હોય તો તેમના ફાઈનાન્શિયલ એડવાઈઝર્સની સલાહ લેવી જોઈએ.**

**નોંધઃ** જોખમ નિમ્નલિખિત મુજબ આલેખિત કરી શકાય છેઃ

(કથ્થઈ) રોકાણકારોએ જાણી લેવું જોઈએ કે તેમની મૂળ રકમ ઉચ્ચ જોખમે છે.

(પીળો) રોકાણકારોએ જાણી લેવું જોઈએ કે તેમની મૂળ રકમ મધ્યમ જોખમે છે.

(વાદળી) રોકાણકારોએ જાણી લેવું જોઈએ કે તેમની મૂળ રકમ નીચા જોખમે છે.

**મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણો બજારનાં જોખમોને આધીન હોય છે. સર્વ યોજના સંબંધી દસ્તાવેજો ધ્યાનપૂર્વક વાંચો.**

## રોકાણ ફિલસુફી

ટાટા ઈક્વિટી ઓપોર્ચ્યુનિટીઝ ફંડ ડાઈવર્સિફાઈડ ઈક્વિટી ફંડ છે, જે ઈક્વિટી બજારમાં તકોને ઓળખવા માટે સઘન સંશોધન કરે છે. દાખલા તરીકે, બજાર અથવા ટર્નઅરાઉન્ડ કંપનીઓ દ્વારા રિ–રેટ કરાતા શેરો, બદલાતા આર્થિક સિદ્ધાંતોમાંથી લાભ લેતી કંપનીઓ વગેરે.

આખરી રોકાણ નિર્ણય લેવા માટે ફંડ મેનેજર મેક્રો–ઈકોનોમિક વાતાવરણ અને અન્ય મુખ્ય ઉદ્યોગના પ્રેરકોને બારીકાઈથી ધ્યાનમાં લે છે. રોકાણ અભિગમ મધ્યમથી લાંબા સમયગાળામાં સૈદ્ધાંતિક રીતે ઉત્તમ દેખાતી તે કંપનીઓને ઓળખવા માટે ટોપ ડાઉન ધોરણ પરનાં ક્ષેત્રો અને બોટમ અપ પરની કંપનીઓનું પગેરું રાખવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે. રોકાણ અભિગમ આવી કંપનીઓમાં મૂલ્યાંકન વધતાં દેખાવાનું શરૂ થાય ત્યાં સુધી રોકાણ જાળવી રાખવાનો છે. આમ, ફંડ સતત દેખરેખ રાખીને અને પોર્ટફોલિયોની સન્મુખતાની સમીક્ષા કરીને જોખમ ઓછામાં ઓછું કરવા પર ભાર આપે છે.

## ટાટા ઈક્વિટી ઓપોર્ચ્યુનિટીઝ ફંડ શા માટે?

### પોર્ટફોલિયોનું સક્રિય વ્યવસ્થાપન

- આ સક્રિય રીતે વ્યવસ્થાપન કરાતું ડાઈવર્સિફાઈડ ફંડ હોઈ તે અલગ અલગ બજારની સ્થિતિઓ હેઠળ મૂડી વૃદ્ધિની તકોનો લાભ લે તે રીતે તૈયાર કરાયું છે.

### શૈલી પૂર્વગ્રહ નહીં

- ફંડ બજારનું વાતાવરણ અને તકોને આધારે પોર્ટફોલિયો સાથે અનુરૂપ મેળ કરવા માટે રોકાણની ‘મૂલ્ય’ અને ‘વૃદ્ધિ’ની શૈલી બંનેનું સંયોજન પાલન કરે છે.

### માર્કેટ કેપ પૂર્વગ્રહ નહીં

- અલગ અલગ બજાર મૂડીકરણ વર્ગો માટે રોકાણના દૃષ્ટિબિંદુ સાથે રેખામાં પોર્ટફોલિયોને અનુરૂપ સ્થાનબદ્ધ કરવા માટે કોઈ પણ ચોક્કસ બજાર કેપ શ્રેણીમાં ઉચ્ચ ફાળવણી ધરાવવાની સાનુકૂળતા

### સંશોધન પ્રેરિત શેરોની પસંદગી

- કંપની અને તેના અંતર્ગત વેપારની સૈદ્ધાંતિક શક્તિઓને ઉચ્ચ મહત્ત્વ આપે છે
- સરેરાશ વૃદ્ધિની સંભાવનાઓ સાથે ઉત્તમ વ્યવસ્થાપન, ઉત્તમ ગુણવત્તાની કંપનીઓ પર કેન્દ્રિત

## કોણે અને શા માટે રોકાણ કરવું જોઈએ

- 3 વર્ષ કે વધુ રોકાણ સમયગાળા સાથે મધ્યમથી આક્રમક જોખમ ભૂખ સાથેના રોકાણકારો
- માર્કેટ કેપ કે શૈલી પૂર્વગ્રહ વિના ડાઈવર્સિફાઈડ ઈક્વિટી ફંડમા રોકાણ કરવા માગતા રોકાણકારો
- ઘણાં બધાં તેજી અને મંદીનાં ચક્રોમાં કામગીરી ટ્રેક રેકોર્ડનાં 21 વર્ષ

*વિતરક :*